ADITYA BIRLA

NUVO

# આદિત્ય બિરલા નુવો લિમિટેડ

કોર્પોરેટ આયડેન્ટીટી નંબર (CIN). L17199GJ1956PLC001107

નોંધણીકૃત કાર્યાલયઃ ઈન્ડિયન રેયોન કમ્પાઉન્ડ, વેરાવળ, ગુજરાત – 362 266, ઈન્ડિયા

ફોન નં.: +91 2876 243257 | ઈમેઈલઃ abnlsecretarial@adityabirla.com | વેબસાઈટઃ www.adityabirlanuvo.com

## વાર્ષિક સાધારણ સભા, ઈ–વોટિંગની માહિતી અને બુક ક્લોઝરની નોટિસ

અત્રે નોટિસ આપવામાં આવે છે કે કંપનીની ઓગણસાઈઠમી વાર્ષિક સાધારણ સભા (''એજીએમ'') એજીએમની તારીખ 11મી જુલાઈ, 2016ની તારીખમાં આપવામાં આવેલાં કામકાજ કરવા માટે કંપનીના નોંધણીકૃત કાર્યાલય ક્લબ ઓડિટોરિયમ, ઈન્ડિયન રેયોન કમ્પાઉન્ડ, વેરાવળ, ગુજરાત–362 266, ગુજરાત ખાતે શનિવાર, 27મી ઓગસ્ટ, 2016ના સવારે 11.30 વાગ્યાથી યોજાશે.

સભાની નોટિસ અને સમજણ આપતા નિવેદન સાથે 31મી માર્ચ, 2016 (વાર્ષિક અહેવાલ)ના પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડિટેડ નાણાકીય નિવેદનો, બોર્ડ ઓફ ડાયરેક્ટરોનો અહેવાલ અને ઓડિટરોનો અહેવાલ ડિપોઝિટરીઓ અથવા કંપની પાસે જેમનાં ઈ–મેઈલ સરનામાં નોંધાયેલાં છે એવા કંપનીના બધા સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવ્યાં છે. જોકે વાર્ષિક અહેવાલની પ્રત્યક્ષ નકલ પ્રાપ્ત કરવા માગતા બધા સભ્યો તેના કિસ્સા અનુસાર તેની ડીપી આઈડી અને ક્લાયન્ટ આઈડી/ ફોલિયો નં. નોંધ કરીને abnlsecretarial@adityabirla.com પર ઈ–મેઈલ મોકલી શકે છે. અન્યો સભ્યોને વાર્ષિક અહેવાલ પ્રત્યક્ષ માધ્યમમાં મોકલવામાં આવ્યો છે. વાર્ષિક અહેવાલ મેઈલિંગ કાર્ય 1લી ઓગસ્ટ, 2016ના રોજ પૂરું કરવામાં આવ્યું છે. કથિત વાર્ષિક અહેવાલ અને એજીએમની નોટિસ કંપનીની વેબસાઈટ www.adityabirlanuvo.com પર પણ અપલોડ કરવામાં આવ્યો છે અને એજીએમની તારીખ સુધી બધા કામકાજના દિવસોમાં, કામકાજના કલાકો દરમિયાન કંપનીના નોંધણીકૃત કાર્યાલય ખાતે કંપનીના સભ્યોને નિરીક્ષણ માટે ઉપલબ્ધ કરાશે.

એજીએમમાં હાજરી અને વોટ આપવા માટે હકદાર સભ્ય જાતે હાજર રહેવાને બદલે પ્રોક્સી નિયુક્ત અને વોટ કરી શકે છે અને પ્રોક્સી કંપનીનો સભ્ય હોય એવું જરૂરી નથી.

કંપની ધારા 2013ની કલમ 108 અને કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમ 2014નો નિયમ 20 અને સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ)ના નિયમન 2015ના નિયમન 44ની જોગવાઈઓ અંતર્ગત કંપની તેના સભ્યોને એજીએમની નોટિસમાં પ્રસ્તાવિત બધા ઠરાવો પર ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટ કરવાનો તેમનો અધિકાર બજાવી શકે તે માટે તેના સભ્યોને ઈ–વોટિંગ સુવિધા પૂરી પાડી રહી છે. તમારી કંપનીએ રિમોટ ઈ–વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે કાર્વી કોમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ (''કાર્વી'')ની નિયુક્તિ કરી છે.

આથી બધા સભ્યોને માહિતગાર કરવામાં આવે છે કેઃ

1. એજીએમમાં આપવામાં આવ્યા મુજબ સાધારણ અને વિશેષ કામકાજ ઈલેક્ટ્રોનિક માધ્યમો (રિમોટ ઈ– વોટિંગ)થી વોટિંગ મારફત લેણદેણ કરી શકાય છે.
2. એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ મોકલવાનું કાર્ય પૂર્ણ કર્યાની તારીખ 1લી ઓગસ્ટ, 2016 છે.
3. રિમોટ ઈ– વોટિંગ બુધવાર, 24મી ઓગસ્ટ, 2016ના સવારે 9.00 વાગ્યાથી (ભારતીય સમય અનુસાર) શરૂ થશે અને શુક્રવાર, 26મી ઓગસ્ટ, 2016ના સાંજે 5.00 વાગ્યે (ભારતીય સમય અનુસાર) સમાપ્ત થશે. રિમોટ ઈ– વોટિંગ ત્યાર પછી નિષ્ક્રિય કરાશે અને 26મી ઓગસ્ટ, 2016ના ભારતીય સમય અનુસાર સાંજે 5.00 વાગ્યા પછી રિમોટ ઈ– વોટિંગને મંજૂરી નહીં અપાશે.
4. વોટની પાત્રતા નિશ્ચિત કરવા માટે કટ–ઓફ તારીખ શનિવાર, 20મી ઓગસ્ટ, 2016 છે.
5. એજીએમની નોટિસ મોકલ્યા પછી કંપનીના શેરો પ્રાપ્ત કરતી અને કંપનીના સભ્ય બનતી અને કટ–ઓફ તારીખ, એટલે કે, શનિવાર, 20મી ઓગસ્ટ, 2016ના રોજ શેરો ધરાવતીકોઈ પણ વ્યક્તિ evoting@karvy.com પર વિનંતી મોકલીને લોગ ઈન આઈડી અને પાસવર્ડ પ્રાપ્ત કરી શકે છે. જોકે સભ્ય કાર્વી ઈ–વોટિંગ મંચ પર નોંધણી થઈ ચૂક્યો હોય તો આવા સભ્ય રિમોટ ઈ– વોટિંગ મારફત વોટ આપવા માટે તેના કે તેણીના મોજૂદ યુઝર આઈડી અને પાસવર્ડ ઉપયોગ કરી શકે છે.
6. એજીએમ પૂર્વે રિમોટ ઈ– વોટિંગ દ્વારા તેમના વોટ આપી દીધા હોય તેવા સભ્યો એજીએમમાં હાજરી આપી શકે છે, પરંતુ ફરી તેમના વોટ આપવાનો અધિકાર નથી.

કંપની એજીએમમાં મતપત્રક મારફત વોટિંગ માટે સુવિધા પૂરી પાડશે અને સભામાં હાજરી આપનાર પણ રિમોટ ઈ– વોટિંગથી તેમનો વોટ નહીં આપ્યો હોય તેઓ મતપત્રક મારફત સભામાં તેમના વોટિંગનો અધિકાર બજાવી શકે છે. શેરહોલ્ડર વોટિંગ માટે ફક્ત એક માધ્યમ અપનાવી શકશે, એટલે કે, ઈ–વોટિંગ અથવા મતપત્રક. જો શેરહોલ્ડર બંને માધ્યમથી વોટ આપશે તો રિમોટ ઈ– વોટિંગ મારફત આપેલો વોટ જ ગણતરીમાં લેવાશે.

એજીએમ સમાપ્ત થતાં જ 48 કલાકમાં વોટિંગનાં પરિણામો જાહેર કરાશે અને તે કંપનીની વેબસાઈટ www.adityabirlanuvo.com પર કાર્વીની વેબસાઈટ www.karvy.com પર સ્ક્રુટિનાઈઝરોના અહેવાલ સાથે અપલોડ કરવામાં આવશે અને તે બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડને જાણ કરાશે.

રિમોટ ઈ– વોટિંગ સંબંધમાં જો કોઈ મૂંઝવણ હોય તો કૃપયા કાર્વીની વેબસાઈટઃ www.evoting.karvy.com પર હેલ્પ અને ફ્રિક્વન્ટ્લી આસ્કડ ક્વેશ્ચન્સ (એફએક્યુ) સેક્શનની વિઝિટ કરો: રિમોટ ઈ– વોટિંગ સંબંધે કોઈ પણ ફરિયાદ હોય તો કૃપયા અહીં સંપર્ક કરોઃ શ્રી વી. કે. જયરામન, જનરલ મેનેજર– આરઆઈએસ, કાર્વી કોમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ, યુનિટઃ આદિત્ય બિરલા નુવો લિમિટેડ, કાર્વી સેલેનિયમ, ટાવર બી, પ્લોટ નં. 31–32, ગાચીબાવલી, ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનકરામગુડા, હૈદરાબાદ– 500 032, ઈમેઈલઃ evoting@karvy.com, ફોન નં. 040–6716 1662.

**બુક ક્લોઝરઃ**

અત્રે એ પણ નોટિસ આપવામાં આવે છે કે કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમ 2014 સાથે વાંચતાં કંપની ધારા 2013ની કલમ 91 અને સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ)ના નિયમન 2015ના નિયમન 42ની જોગવાઈઓ અંતર્ગત કંપનીના સભ્યોનું રજિસ્ટર અને કંપનીનાં શેર ટ્રાન્સફર બુક્સ શુક્રવાર, 19મી ઓગસ્ટ, 2016થી શનિવાર, 27મી ઓગસ્ટ, 2016 સુધી (બંને દિવસો સમાવિષ્ટ) 31 માર્ચ, 2016ના પૂરા થયેલા વર્ષ માટે ડિવિડંડની ચુકવણી કરવાના હેતુથી અને એજીએમ માટે પણ બંધ રહેશે. જો મંજૂર કરાય તો ડિવિડંડ તેના સભ્યો અને તેમના મેન્ડેટ્સ નીચે મુજબ હોય તેમને 30મી ઓગસ્ટ, 2016ના રોજ અથવા તે પછી ચૂકવાશેઃ

1. ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ધરાવાતા શેરો સંબંધમાં નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ દ્વારા આપવામાં આવનારી યાદીઓ અનુસાર 18મી ઓગસ્ટ, 2016ના રોજ કામકાજના કલાકોના અંતે લાભાર્થી માલિકો.
2. કંપનીની રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, એટલે કે, કાર્વી કોમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ અને જેનું સરનામું કાર્વી સેલેનિયમ, ટાવર બી, પ્લોટ નં. 31–32, ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, ગાચીબાવલી, નાનકરામગુડા, હૈદરાબાદ– 500 032 ખાતે અથવા 18મી ઓગસ્ટ, 2016ના રોજ અથવા પૂર્વે નોંધાયા હોય એવા પ્રત્યક્ષ સ્વરૂપમાં બધા પ્રમાણિત શેર ટ્રાન્સફરને અસરકારકતા આપ્યા પછી કંપનીના સભ્યોના રજિસ્ટરમાં સભ્યો.

આદિત્ય બિરલા નુવો લિમિટેડ વતી

અશોક માલુ
પ્રેસિડેન્ટ અને કંપની સેક્રેટરી

સ્થળઃ મુંબઈ
તારીખઃ 2જી ઓગસ્ટ, 2016

